# ગુજરાત જાહેર સેવા આયોગ

**સેક્ટર-૧૦-એ, "છ-૩" સર્કલ પાસે, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦**

**ફોન નં- (૦૭૯) ૨૩૨ ૫૮૯૮૦ Web Site : https://gpsc.gujarat.gov.in**

**જાહેરાત ક્રમાંક:- ૨૦/૨૦૧૯-૨૦** ગુજરાત સરકારના સચિવાલયનાં વિભાગો હસ્તકની નીચે દર્શાવેલ વર્ગ-૩ની કુલ : ૧૫૪ જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે Online અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://gpsc-ojas.gujarat.gov.in પર **તા.૧૬/૦૮/૨૦૧૯ (બપોરના ૧૩:૦૦ કલાક) થી તા.૩૧/૦૮/૨૦૧૯ (બપોરના ૧૩:૦૦ કલાક)** સુધીમાં અરજી કરવાની રહેશે. પસંદગીની પ્રક્રિયા માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે.

**નોંધ :** (૧) આ જગ્યાઓ માટે Screening Test (પ્રાથમિક કસોટી) સંભવત : **તા.૦૮/૧૨/૨૦૧૯** રોજ યોજવામાં આવશે.

(૨) Screening Testનું પરિણામ સંભવત : **ફેબ્રુઆરી- ૨૦૨૦**માં પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૩) લેખિત મુખ્ય પરીક્ષા સંભવત :**તા.૨૪/૦૫/૨૦૨૦ તથા ૩૧/૦૫/૨૦૨૦**ના રોજ યોજવામાં આવશે.

(૪) લેખિત મુખ્ય પરીક્ષાનું પરિણામ સંભવત :**ઓગષ્ટ -૨૦૨૦**માં પ્રસિધ્ધ કરવામાં આવશે.

| જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગો | સા. શૈ. પ. વ. | અનુ. જાતિ | અનુ. જન જાતિ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગો | સા. શૈ. પ. વ. | અનુ. જાતિ | અનુ. જન જાતિ | શારીરિક અશક્ત | માજી સૈનિક |
| નાયબ સેકશન અધિકારી (સચિવાલય), વર્ગ-૩ | ૧૫૪ | ૬૯ | ૧૫ | ૩૮ | ૦૯ | ૨૩ | ૨૨ | ૦૫ | ૧૨ | ૦૨ | ૦૭ | ૦૫ | ૧૫ |

## શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે :–

(૧) ઉપરની જગ્યાઓ માટે નીચે દર્શાવેલ નિયત શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે:

| જગ્યાનું નામ | અંધત્વ/ ઓછી દ્રષ્ટિ (B / LV) | શ્રવણની ખામી (HH) | હલનચલનની અશક્તતા અથવા મગજના લકવાની અશક્તતા |
|---|---|---|---|
| નાયબ સેક્શન અધિકારી (સચિવાલય) | ૪૦ % to ૧૦૦% | ૪૦ % to ૧૦૦% | OA,OL,BL,OLA,BLOA |

(૨) જાહેરાતમાં શારીરિક રીતે અશક્ત ઉમેદવારો માટે દર્શાવેલ ૦૫ અનામત જગ્યાઓ પૈકી ૦૨ જગ્યાઓ અંધત્વ અથવા ઓછી દૃષ્ટી , ૦૨ જગ્યાઓ શ્રવણની ખામી અને ૦૧ જગ્યા હલનચલનની વિકલાંગતા અથવા

મગજનો લકવો ધરાવતા ઉમેદવારો માટે અનામત રાખવામાં આવેલ છે, આ સિવાયની અન્ય શારીરિક રીતે અશક્તતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર બનશે નહિ.

(૩) શારીરિક રીતે અશકત ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.૨થી નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ/ સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલીવય મર્યાદામાં૧૦વર્ષની છૂટછાટ મળશે.

(૪) શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોએ Online ફોર્મમાં Personal Detailsમાંપોતાની અશકતતાની ટકાવારી / વિગત દર્શાર્વવાની રહેશે.

(૫) શારીરિક રીતે અશકત તથા માજી સૈનિક માટે અનામત જગ્યાઓ ઉપર જે ઉમેદવાર પસંદગી પામશે તેઓ પોતે જે કેટેગરીના (બિન અનામત/ આર્થિક રીતે નબળા વર્ગો/ સા.શૈ.પ.વર્ગ/ અનુ .જાતિ/ અનુ .જનજાતિ) ઉમેદવાર હશે, તે કેટેગરીના ગણવામાં આવશે .

(૬) સા.વ.વિ.નાતા.૧૫/૦૨/૨૦૦૧ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૦૨૦૦૦-જીઓઆઈ-૭-ગ.૨ મુજબ શારીરિક અશકતતા ૪૦% કે તેથી વધુ હોય તેમને જ શારીરિક અશકતતાના લાભો મળવાપાત્ર રહેશે.

* મહિલાઓ માટે અનામત જગ્યાઓ ઉપર મહિલા ઉમેદવારો ઉપલબ્ધ નહિ થાય તો આ જગ્યાઓ સંબંધિત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને ફાળવવામાં આવશે.
* ઉપરોક્ત જગ્યાઓ પૈકી માજી સૈનિકો માટેની અનામત જગ્યાઓ ઉપર લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તેવી જગ્યાઓ અન્ય ઉમેદવારોથી ભરવામાં આવશે.

**૨. નાગરિકત્વ**: પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવાર

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન,

(ગ) ભુતાનનો પ્રજાજન અથવા

(ઘ) ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી તા.૦૧/૦૧/૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલ તિબેટના નિર્વાસિત અથવા

(ચ) પાકિસ્તાન, બર્મા, શ્રીલંકા અને પૂર્વ આફ્રીકન દેશો- કેન્યા, યુગાન્ડા, વિયેટનામ, ઝામ્બિયા, મલાવી, ઝેર, ઈથિયોપીયા, યુનાઈટેડ રિપબ્લિક ઓફ ટાન્ઝાનિયાનાં દેશોમાંથી સ્થળાંતર કરી ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી આવેલ મૂળ ભારતીય વ્યક્તિ, પરંતુ (ખ) થી (ચ) સુધીના પ્રકારમાંની વ્યક્તિઓ ગુજરાત સરકાર પાસેથી પાત્રતા પ્રમાણપત્ર મેળવ્યું હોય તો જ નિમણૂક માટે પાત્ર બનશે.

**૩. ઉંમર અને તેમાં છૂટછાટ**:

(૧) અરજી કરવાની છેલ્લી તારીખ : **૩૧/૦૮/૨૦૧૯**ના રોજ ઉમેદવારે ૨૦ (વીસ) વર્ષ પૂરા કરેલ હોવા જોઈએ અને ૩૫ (પાંત્રીસ) વર્ષ પૂરા કરેલ ન હોવા જોઈએ.

(૨) ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૩) ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે:

| | | |
|---|---|---|
| ૧ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગના, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિના પુરુષ ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૩ | મુળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગના, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિના મહિલા | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |

| | | |
|---|---|---|
| | ઉમેદવારો | |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | For appointment to any vacancy in class-3 and class-4 posts in Gujarat Government, an Ex-Serviceman shall be allowed to deduct the period of actual military service from his actual age and if the resultant age does not exceed the maximum age limit prescribed for the post for which he is seeking appointment by more than three years, he shall be deemed to satisfy the condition regarding age limit" (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૫ | શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાએ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | ગુજરાત સરકારના કર્મચારીઓને વય મર્યાદામાં કોઇપણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

(૫) આ જાહેરાતમાં જે કક્ષાના અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત રાખવામાં આવી છે. તે કક્ષાના મૂળ ગુજરાતનાં ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે.

(૬) અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

**૪. લાયકાત:**

(૧) ઉમેદવાર ભારતની સંસદ કે રાજ્ય વિધાનસભાના  કાયદા હેઠળ સ્થાપિત કોઈપણ યુનિ. કે સંસદના એકટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી. એકટ-૧૯૫૬ સેકશન -૩ હેઠળ યુનિ. તરીકે સ્થાપિત થયેલ શૈક્ષણિક સંસ્થાની સ્નાતકની પદવી કે તેને સમકક્ષ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ અને

(૨) ગુ.મુ.સે.વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ના નિયમ-૮(૧એ) ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટર એપ્લીકેશનનું મૂળભૂત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. ઉપરની જાહેરાતના સંબંધમાં પસંદ થયેલાં ઉમેદવારોએ આખરી નિમણૂક પત્ર મેળવતા પહેલાં કોમ્પ્યુટર એપ્લીકેશનનું મૂળભૂત જ્ઞાન ધરાવતા હોવાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.. સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩-૦૮-૨૦૦૮ ના ઠરાવ ક્ર.: સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ સાથેના પત્રક-૧ માં દર્શાવેલ અભ્યાસક્રમને કોમ્પ્યુટરના બેઝિક નોલેજ તરીકે જાહેર કરેલ છે. આ અભ્યાસક્રમ મુજબનું કોમ્પ્યુટર વિષયની જાણકારી અંગેનું માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર માન્ય રહેશે. વધુમાં માન્ય યુનિ. અથવા સરકાર માન્ય સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેનાં કોઈપણ ડિપ્લોમા, ડીગ્રી, કે સર્ટિફીકેટ કોર્સ કરેલ હોય તો તેવા પ્રમાણપત્રો અથવા ડિપ્લોમા કે ડીગ્રી અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવાં પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પસાર કરેલ હોય તેવાં પ્રમાણપત્રો માન્ય રહેશે. આ પ્રકારની લાયકાત ન ધરાવતાં ઉમેદવારો નિમણૂકને પાત્ર બનશે નહિ.

(૩) ઉમેદવાર ગુજરાતી અને / અથવા હિન્દીનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

(૪) અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં જે ઉમેદવારોના ૨૦ વર્ષ પુરા થયેલા હોય અને નિયત લાયકાતની પદવીના છેલ્લા સેમેસ્ટર/વર્ષની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ છે અથવા થનાર છે પરંતુ જેનું પરીણામ પ્રસિધ્ધ થયેલ ના હોય તેવા ઉમેદવારો પ્રિલિમિનરી પરીક્ષા માટે અરજી કરી શકશે, પરંતુ તેઓએ જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની પદવી મુખ્ય પરીક્ષા માટેની અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં પ્રાપ્ત કરેલી હોવી જોઇશે.

<u>૫. પગારધોરણ :</u>

રૂ. ૩૮૦૯૦/- (ફીકસ વેતન) નાણા વિભાગના તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧ મુજબ ઉમેદવારને શરૂઆતના તબક્કે રૂ.૩૮,૦૯૦/-ના માસિક ફીક્સ પગારથી, પાંચ વર્ષ માટે સરકારશ્રીના નાણાવિભાગના તા.૨૮/03/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-3)/ઝ.૧ મુજબની શરતો અને બોલીઓને આધિન નિમણૂક આપવામાં આવશે. શરતો અને બોલીઓ આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે. ઉમેદવાર પાંચ વર્ષની સંતોષકારક સેવાપૂર્ણ કર્યાની ખાતરી થયા બાદ ઉપરોકત ઠરાવની જોગવાઈઓને આધિન રૂ.૩૯,૯૦૦/- ૧,૨૬,૬૦૦ પે મેટ્રીક્સના નિયમિત પગાર ધોરણમાં નિમણૂક મળવાપાત્ર થશે.

<u>૬ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગો:-</u>

(૧) મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ના ઉમેદવારોને જ આ જાહેરાત અન્વયે અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ના ઉમેદવારોએ જાતિ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઇન અરજીમાં યોગ્ય જગ્યાએ દર્શાવવાનો રહેશે.

(૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૪) ઉમેદવારે અરજીપત્રક અને પરિશિષ્ટની સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહીં હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૫) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૬) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહીં થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૭) (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ <u>'પરિશિષ્ટ (ક)' મુજબનું</u> અથવા ઉક્ત વિભાગના તારીખ: ૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નિયત કરાયેલ ગુજરાતી નમૂના <u>'પરિશિષ્ટ –૪'</u> મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(બ) તા.૦૧-૦૪-૨૦૧૭ ના રોજ કે ત્યારબાદ ઇસ્યુ થયેલ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' ની મહત્તમ અવધિ ઇસ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇસ્યુ કરાયેલ હોવું જોઇએ.વધુમાં આ પરિશિષ્ટ-'ક' / પરિશિષ્ટ-'૪' નો નંબર અને તારીખ ઓનલાઇન અરજીમાં યોગ્ય જગ્યાએ દર્શાવવાનો રહેશે.

નોંધ: ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ હોવા અંગેના પ્રમાણપત્રની માન્યતા/સ્વીકૃતિ તથા સમયગાળા અને અવધિના અર્થઘટન બાબતે સરકારશ્રીના ઠરાવો/પરિપત્રોની જોગવાઇઓ આખરી ગણાશે.

(ક) પરિણીત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે, જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેમની અરજી રદ

કરવામાં આવશે. જો કોઇ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇસ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે. અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.

(ડ) ઉમેદવારે ઓનલાઇન અરજી કરતી વખતે જે "ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર" ની વિગતો જણાવેલ હોય તેની નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઇ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઇમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઇન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(ઇ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઇપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વંય સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઇ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઇપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઇપણ માપદંડમાં ફેરફાર સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૮) **આર્થિક રીતે નબળા વર્ગો:-**

આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : એ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ – ગ )માં મેળવેલ પાત્રતા પ્રમાણપત્ર (અર્થાત તેઓ EWS Category હેઠળ આવે છે તે મતલબનું પ્રમાણપત્ર ) ના નંબર અને તારીખ ઓન લાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે.

(૯) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૧૦) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

**૭. વિધવા ઉમેદવાર :-**

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું.

(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અચૂક લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૩) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો અરજી સાથે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજૂ કરવાની રહેશે.

(૪) વિધવા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવા માટે સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ Screening Test (પ્રાથમિક કસોટી) અને લેખિત મુખ્ય પરીક્ષામાં ઉમેરવામાં આવશે.

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે "વિધવા" ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે "વિધવા" બને અને તે અંગે

જરૂરી દસ્તાવેજ/ પૂરાવાઓ રજૂ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને "વિધવા મહિલા ઉમેદવાર" તરીકેના લાભ આપવામાં આવશે.

**નોંધ :- જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, શારીરિક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.**

## ૮. સામાન્ય શરતો:

(૧) અનામત વર્ગનો લાભ મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગો, અનુસૂચિત જાતિ,અનુ.જનજાતિ, સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારોને જ મળશે.

(૨) અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહિ.

(3) ઉમેદવારે અરજીપત્રકમાં કોઇપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું અરજીપત્રક કોઇપણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેણે લાયકી ધોરણ ( Passing Standard )મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી રદ ગણાશે.

(૪) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી.

(૫) ગુજરાત સરકારના કર્મચારી આયોગની જાહેરાત સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે. પરંતુ તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને દિન-૭માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના વિભાગ / ખાતા / કચેરી તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહિ આપવાની આયોગને જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજૂર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૬) એથલેટિકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબૉલ, ક્રિકેટ, ફૂટબૉલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વૉલીબૉલ, ટેનિસ,વેઈટલિફટિંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિક, જુડો, રાઈફલશુટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકૂદમાં રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મેળવેલ ગુણની કુલ સંખ્યાના ૫(પાંચ) ટકાથી વધુ નહીં એટલા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે નક્કી કરેલ સત્તાધિકારી પાસેથી નિયત કરેલ નમૂનામાં જરૂરી પ્રમાણપત્ર આયોગ માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે. જો આ પ્રમાણપત્ર સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫-૦૨-૮૦ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૭૭-૨૬૬૦-ગ-૨ થી નિયત કરવામાં આવેલ નમુનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ નમૂનામાં હશે નહિ તો, વધારાના ગુણનો લાભ મળવાપાત્ર થશે નહિ.

(૭) ઉમેદવારે Online form ભરતી વખતે તેઓ અનામત કક્ષામાં અરજી કરવા માંગે છે કે બિન અનામત કક્ષામાં અરજી કરવા માંગે છે તે સ્પષ્ટ જણાવવું. એક વખત Online અરજી કર્યા બાદ Online formમાં દર્શાવેલ caste/category માં કોઈપણ જાતનો ફેરફાર કરવા દેવામાં આવશે નહિ. જો કોઈ ઉમેદવાર પાછળથી આ બાબતે રજૂઆત કરશે તો તેની રજૂઆત સ્વીકારવામાં આવશે નહિ કે તેનો કોઈ પ્રત્યુત્તર આયોગ દ્વારા આપવામાં આવશે નહિ.ઉમેદવારોને આ સૂચના ધ્યાને લઈ તેનું અચૂકપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

## ૯. Online અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત:-

આ જાહેરાત સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તારીખ ૧૬/૦૮/૨૦૧૯, ૧૩:૦૦ કલાક થી તારીખ ૩૧/૦૮/૨૦૧૯ , ૧૩:૦૦ કલાક સુધીમાં https://gpsc-ojas.gujarat.gov.in પર ઓનલાઇન અરજી ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૪) Steps અનુસરવાના રહેશે.

(૧) સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

(૨) આ સાઈટ્નાં Menu Bar પર "Online Application" વિકલ્પ પર ક્લિક કરતા "Apply" નો વિકલ્પ દેખાશે ત્યાં ક્લિક

કરતા જ આપને હાલમાં ચાલતી જાહેરાતોની વિગત દર્શાવવામાં આવશે. ઉમેદવારે પોતાની પસંદગી વાળી જાહેરાતની સામેના "Apply" બટન પર ક્લિક કરતા જ, તે જાહેરાત માટેનો સારાંશ દેખાશે અને તે વાચ્યા પછી ઉમેદવાર "Apply" બટન પર ક્લિક કરીને ઓનલાઈન ફોર્મ ભરવાનાં પેજ પર જઈ શકશે. તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ "Personal Details (ઉમેદવારની માહિતી)" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદરડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" (ઉમેદવારની માહિતી)" માં ઉમેદવારે પોતાની અટક, નામ, પિતાનું નામ, માતાનું નામ, જેન્ડર, જન્મ તારીખ, જાતિ વગેરેની માહિતી આપવાની રહે છે.

(3) Personal Details ભરાયા બાદ "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" જેમાં ઉમેદવારોએ પોતાનું હાલનું અને કાયમી રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈ.ડીની માહિતી આપવાની રહે છે.

(૪) "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" ભરાયા બાદ"Other Details (અન્ય વિગતો)" માં ઉમેદવારે પોતાને લાગુ પડતી સ્પોર્ટસની (રમતગમતની) વિગતો, વિકલાંગતા, લહિયા માટેની સુવિધા મેળવવા બાબત, વિધવા, માજી સૈનિક, રાજય સરકારમાં સેવા બાબતે કે કોઈ પણ આયોગ કે પસંદગી મંડળ માંથી પરીક્ષા આપવા માટે ડિ-બાર્ડ થયેલ છો કે કેમ? વિગતો ભરવી.

(૫) "Other Details (અન્ય વિગતો)" ભરાયા બાદ "Language Details (ભાષાની માહિતી)" માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગત ટીક કરવી.

(૬) "Language Details (ભાષાની માહિતી)" ભરાયા બાદ "Upload Photograph (ફોટો અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો ૦૫ સે.મી. લંબાઈ X ૩.૬ સે.મી. પહોળાઈ નો ફોટો અપલોડ કરવાનો રહે છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Formatમાં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Choose File" Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે "Choose File" Button ની નીચે "Upload " Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૭) "Upload Photograph (ફોટો અપલોડ કરો)" ભરાયા બાદ "Upload Signature (સહી અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા-ઓળખી શકાય તેવી અને સ્વીકાર્ય એવી સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં ૨.૫ સે.મી. લંબાઈ X ૭.૫ સે.મી. પહોળાઈની માપમાં સહી અપલોડ કરવાની રહે છે.

(૮) "Upload Signature (સહી અપલોડ કરો)" ભરાયા બાદ "Education Details (શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે.

(૯) "Education Details (શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે.

(૧૦) "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Experience Details (અનુભવની માહિતી)" માં ઉમેદવારે પોતે લાયકાત મેળવ્યા બાદ નો મેળવેલ અનુભવ/નોકરીના વર્ષ અને તારીખની ક્રમાનુસાર વિગતો ભરવી. "Add Experience" પર ક્લિક કરીને મેળવેલ અન્ય અનુભવની વિગતો નાખી શકાય.

(૧૧) "Experience Details (અનુભવની માહિતી)" ભરાયા બાદ "Additional Information (વધારાની માહિતી) માં ઉમેદવારે પોતાની લાગુ પડતી માહિતી ભરવી.

(૧૨) તેની નીચે "Assurance/ Self-Declaration (બાહેંધરી)" તે વાંચીને તેમાં Yes / No પર click કરવું.

(૧૩) હવે save પર "click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application અને Confirmation Number

બન્ને generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાના રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં આ બન્ને વિગતો દર્શાવવાની રહેશે. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો "Edit" વિકલ્પમાં જઇને તે જાહેરાતનાં છેલ્લા દિવસ સુધીમાં કોઈપણ સમયે સુધારી શકાશે. જાહેરાતનો સમય પૂર્ણ થયા બાદ આ સુવિધા (અરજીમાં કોઈ પણ જાતનો સુધારો કરવા માટે) ઉપલબ્ધ રહેશે નહીં.

નોંધ:- <u>One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે. તે કરવા માત્રથી આયોગની કોઇ જાહેરાતમાં online અરજી કરેલી ગણાશે નહિં. આથી OTR કર્યા બાદ ઉમેદવારે સંબંધિત જાહેરાતમાં Online કરેલ અરજી ફરજીયાતપણે કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.</u>

## ૧૦. અરજી ફી :

(૧) બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે:

૧ **પોસ્ટ ઓફીસમાં:** સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ **તા.૩૧/૦૮/૨૦૧૯,૧૩:00 કલાક** સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે અને જ્યારે આયોગ દ્વારા મંગાવવામાં આવે ત્યારે જ અરજીપત્રક બિડાણો સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે R.P.A.D. / Speed post થી મોકલવાનાં રહેશે અથવા આયોગ ખાતે રૂબરૂમાં આપી જવાનાં રહેશે.

૨ **ઓનલાઈન ફી:** ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઈ ખામી હશે તો screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.

(૨) રાજ્ય બહાર વસતાં સામાન્ય કેટેગરીનાં ઉમેદવારોએ પોસ્ટ ઓફીસમાં પરીક્ષા ફી રૂ.૧૦૦/- ભરવાની રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. અથવા આ ઉમેદવારોએ રૂ.૧૦૦/- ના "સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર" ના નામના ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડરથી ફી જમા કરાવી શકશે.

(3) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં.

(૪) મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૫) શારીરિક રીતે અશક્ત (Disabled) વ્યક્તિઓ તથા માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૬) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી.

(૭) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં Screening Test(પ્રાથમિક કસોટી)/મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી પોસ્ટ ઓફીસ /નેટ બેંકીંગ દ્વારા જ સ્વીકારવામાં આવશે. રોકડમાં, ડીમાન્ડ ડ્રાફ્ટથી, ભારતીય પોસ્ટલ ઓર્ડર (રાજ્ય બહાર વસતાં સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો સિવાય ) કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહિ, જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

## ૧૧. પરીક્ષાની રૂપરેખા તથા અભ્યાસક્રમ:

આ પરીક્ષા ક્રમાનુસાર બે તબક્કામાં યોજવામાં આવશે:

(૧) **Screening Test** (પ્રાથમિક કસોટી) નું હેતુલક્ષી પ્રકારનું સામાન્ય જ્ઞાનનું પ્રશ્નપત્ર ૨૦૦ ગુણ અને ૨ કલાકના સમય માટે રહેશે.

(૨) અંધ ઉમેદવારોને પ્રિલિમનરી અને મુખ્ય લેખિત પરીક્ષામાં પેપર દીઠ પ્રતિ કલાકે ૨૦ મિનિટનો વળતર સમય

(COMPENSETORY TIME) આપવામાં આવશે. જેની મંજૂરી પરીક્ષા અગાઉ આયોગ પાસેથી લેવાની રહેશે.

(3) **લેખિત મુખ્ય પરીક્ષાના** અભ્યાસક્રમમાં કુલ –૪ પેપર રહેશે:

| ક્રમ | વિષય | કુલ ગુણ |
|---|---|---|
| **પ્રશ્નપત્ર-૧** | ગુજરાતી ભાષા (ઈન્ટરમીડીયેટ કક્ષા), | ૧૦૦ ગુણ |
| **પ્રશ્નપત્ર-૨** | અંગ્રેજી ભાષા (ઈન્ટરમીડીયેટ કક્ષા), | ૧૦૦ ગુણ |
| **પ્રશ્નપત્ર-3** | સામાન્ય અભ્યાસ-૧( સ્નાતક કક્ષા ) | ૧૦૦ ગુણ |
| **પ્રશ્નપત્ર-૪** | સામાન્ય અભ્યાસ-૨ ( સ્નાતક કક્ષા ) | ૧૦૦ ગુણ |

પેપર-૧ અને પેપર-૨ ના પ્રશ્નપત્રનું સ્તર ધો.૧૨ ઉચ્ચ્તર કક્ષાનું રહેશે તથા પેપર-3 તથા પેપર-૪ નાં પ્રશ્નપત્રોનું સ્તર સ્નાતક કક્ષાનું રહેશે. પ્રત્યેક પેપર દીઠ સમય ૩ કલાકનો રહેશે. Screening Test (પ્રાથમિક કસોટી)માં આયોગ દ્વારા નક્કી કરવામાં આવે તે કેટેગરીવાઈઝ લાયકી ધોરણ જેટલા ગુણ ધરાવતા ભરતી નિયમ, ભરતી પરીક્ષા નિયમ તથા જાહેરાતની જોગવાઈ મુજબ શૈક્ષણિક લાયકાત, વય વગેરે સંતોષતા હશે તેવા, જાહેરાતમાં દર્શાવેલ જગ્યાના કેટેગરીવાઈઝ આશરે છ ગણા ઉમેદવારોને જ લેખિત મુખ્ય પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.પ્રાથમિક કસોટી તથા લેખિત મુખ્ય પરીક્ષાના પ્રશ્નપત્રનો વિગતવાર અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ પર અલગથી પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૪) Screening Test (પ્રાથમિક કસોટી)માં ઉમેદવારને કોમ્પ્યુટરાઈઝ્ડ ખાસ પ્રકારની જવાબવહી [O.M.R Answer Sheet] આપવામાં આવશે. પ્રશ્નપત્રના બધા પ્રશ્નો હેતુલક્ષી હશે. દરેક પ્રશ્નના જવાબમાં A,B,C,D અને E એમ પાંચ વિકલ્પ આપવામાં આવશે. પાંચમો વિકલ્પ E 'Not attempted' તરીકેનો રહેશે. જો ઉમેદવાર પ્રશ્નનો જવાબ આપવા ન ઈચ્છતા હોય તો આ વિકલ્પ E પસંદ કરી શકશે.

(૧) ઉમેદવારે જે પ્રશ્નના જવાબ માટે જો પાંચમો વિકલ્પ E 'Not attended' એનકોડ કરેલ હશે તો તે પ્રશ્નના "શૂન્ય " ગુણ ગણાશે અને તે પ્રશ્ન માટે કોઈ નેગેટીવ ગુણ કાપવામાં આવશે નહિ. તેથી ઉમેદવારે સાચો વિકલ્પ શોધી જવાબવહી [O.M.R Answer Sheet] માં સંબંધિત પ્રશ્નના ક્રમ સામે આપેલ A,B,C,D કે E ના વર્તુળને પૂરેપૂરું ભુરી / કાળી શાહીની બોલ પેનથી ડાર્ક કરવું. આ સિવાયની કોઈપણ કલરની શાહીની બોલપેનથી જવાબો આપ્યા હશે તો તે જવાબવહી તપાસવામાં આવશે નહિ અને આપોઆપ શૂન્ય ગુણ આપવામાં આવશે. એકવાર ડાર્ક કરેલ જવાબને બદલી શકાશે નહિ.

(૨) એક જ પ્રશ્ન માટે જો જવાબવહીમાં એકથી વધુ વિકલ્પ આપે આપેલા હશે તો તે જવાબ માટે ગુણ આપવામાં આવશે નહિ.

(3) આ કસોટીમાં પ્રત્યેક ખોટા જવાબ, એક થી વધુ જવાબના કિસ્સામાં તથા એક પણ વિકલ્પ એનકોડ નહીં કરવાના કિસ્સામાં જે તે જવાબના નિશ્ચિત ગુણના ૦.૩ ગુણ કુલ મેળવેલ ગુણમાંથી બાદ કરવામાં આવશે. એટલે કે ખોટા જવાબો માટે નેગેટીવ ગુણની બાબત ઉમેદવારે ધ્યાને રાખવાની રહેશે.

(૪) ઉમેદવાર દ્વારા જવાબવહી [O.M.R Answer Sheet]માં જો બેઠક નંબર / પ્રશ્ન પુસ્તિકા નંબર કે પ્રશ્ન પુસ્તિકા સિરિઝ ખોટા લખવામાં આવશે કે આ બાબતે કોઈ પણ ક્ષતિ આચરવામાં આવશે તો તેવી જવાબવહીઓ તપાસવામાં આવશે નહીં. અને આવા પ્રકારની ક્ષતિઓ પરત્વે જો જવાબવહી તપાસ્યા બાદ પણ ક્ષતિઓ /અપૂર્ણતાઓ ધ્યાને આવશે તો તેવા ઉમેદવારને માત્ર આવા કારણોસર પણ અસફળ જાહેર કરવામાં આવશે. જે અંગે પાછળથી કોઈ રજુઆત / વિનંતી ધ્યાને લેવામાં આવશે નહીં. આથી તમામ ઉમેદવારોને O.M.R Answer Sheetમાં ભરવાની થતી વિગતો સંપૂર્ણપણે યોગ્ય રીતે ભરવા અને એનકોડ [Encode] કરવા પૂરતી ચીવટ અને કાળજી રાખવા ખાસ સૂચના આપવામાં આવે છે.

(૫) કોઈ ઉમેદવાર દ્વારા અરજીપત્રકમાં માન્ય રમત-ગમતમાં પ્રતિનિધિત્વ કરેલ છે તેવી વિગત દર્શાવેલ હશે અને પાછળથી આ વિગત સરતચૂકથી દર્શાવેલ હતી કે તે અંગેનું પ્રમાણપત્ર રજૂ કરી શકે તેમ નથી તેવી રજૂઆત મળશે તો કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં. અને જો ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં સફળ થયેલ હશે તો તેમને મેળવેલ ગુણની કુલ સંખ્યાના ૫(પાંચ) ટકાથી વધુ નહીં એટલા ગુણ ઉમેરી આપવામાં આવશે નહિ. જેથી ઉમેદવારને આ અંગે અંગત કાળજી રાખવા સૂચના આપવામાં આવે છે.

(૬) પ્રાથમિક કસોટીના પરિણામને આધારે મુખ્ય લેખિત કસોટીમાં જાહેરાતમાં નિર્દિષ્ટ જગ્યાના આશરે છ ગણા ઉમેદવારોને પ્રવેશ આપવા માટે દરેક કેટેગરીની જગ્યાઓના સંદર્ભમાં લાયકી ધોરણ નક્કી કરવામાં આવે છે. આ લાયકી ધોરણમાં શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો,માજી સૈનિકઅને મહિલા ઉમેદવારોની ગણતરી કરવામાં આવે છે. અને જાહેરાતમાં દર્શાવેલ અનામત જગ્યાઓના છ ગણા ઉમેદવારો મળી રહેતા હોય તો તે પ્રમાણે પાત્ર ગણવામાં આવે છે. પરંતુ જો છ ગણામાં ઉમેદવારો ખૂટતા હોય તો દરેક કેટેગરી માટે જે લાયકી ધોરણ [cut off] આવતુ હોય તેમાં ૧૦% જેટલું લાયકી ધોરણમાં છૂટછાટ મૂકીને વિચારણા કરવામાં આવે છે. તેવી જ રીતે મુખ્ય પરીક્ષામાં પણ શારીરિક અશકત, મહિલા તથા માજી સૈનિક ઉમેદવાર માટે ૧૦% ધોરણ હળવું કરવાની વિચારણા કરવામાં આવશે. આવી રીતે ઉમેદવારો ઉપલબ્ધ થાય તેને પાત્ર ગણવામાં આવે છે. આ રીતે વિચારણા કર્યા બાદ પણ શારીરિક અશકત, માજી સૈનિક કે મહિલા ઉમેદવારો ઉપલબ્ધ ન બને તો નિયત થયેલ લાયકી ધોરણના ૧૦%થી વધુ છૂટછાટ મળવાપાત્ર રહેતી નથી.

**(૫)** Screening Test (પ્રાથમિક કસોટી)માં મેળવેલ ગુણ આખરી પસંદગી માટે ધ્યાને લેવામાં આવશે નહીં. આખરી પરિણામ માત્ર મુખ્ય લેખિત પરિક્ષાના આધારે નિયત કરવામાં આવશે. s

**(૬)** પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે. સિવાય કે, મુખ્ય લેખિત પરીક્ષાના પેપર નં.૨ (અંગ્રેજી) નું માધ્યમ બધાં ઉમેદવારો માટે અંગ્રેજી રહેશે.

## <u>૧૨. પરીક્ષા કેન્દ્રોની વિગત:</u>

(૧) પ્રિલિમિનરી પરીક્ષા માટે ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઈને આયોગ દ્વારા પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવે તે પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા આપવાની રહેશે. મુખ્ય લેખિત પરીક્ષા સંભવત: ગાંધીનગર ખાતે લેવામાં આવશે.

(૨) પ્રિલિમિનરી પરીક્ષા માટે પરીક્ષાનું સ્થળ, પરીક્ષાની તારીખ, પરીક્ષાના સમયની માહિતી આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.in ઉપર મુકવામાં આવશે અને પ્રિલિમિનરી પરીક્ષા માટેના પ્રવેશપત્ર http://gpsc-ojas.gujarat.gov.in વેબસાઈટ પરથી ઉમેદવારોએ ડાઉનલોડ કરવાના રહેશે. આ માટે આયોગ દ્વારા વર્તમાનપત્રમાં જાહેરાત આપવામાં આવશે.

(૩) ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય લેખિત પરીક્ષામાં તેમના પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

## <u>૧૩. પરીક્ષામાં પ્રવેશ :</u>

**(૧)** જરૂરી ફી સાથે અરજી કરનાર દરેક ઉમેદવારને અરજીની ચકાસણી કર્યા સિવાય Screening Test (પ્રાથમિક કસોટી) માં બેસવા દેવામાં આવશે.

**(૨)** જે ઉમેદવારોને Screening Test (પ્રાથમિક કસોટી)ના પરિણામમાં મુખ્ય લેખિત પરીક્ષા માટે કામચલાઉ સફળ જાહેર કરેલ હશે તેઓએ મુખ્ય લેખિત પરીક્ષા માટે અલગથી બીજુ અરજીપત્રક ઓનલાઈન ભરવાનું રહેશે. જેની સાથે જરૂરી ફી અને પ્રમાણપત્રો Scan કરીને ઉમેદવારે આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર Upload કરવાના રહેશે.

**(૩)** ઉમેદવારો તરફથી મળેલ અરજીપત્રકોની ભરતી નિયમો, ભરતી પરીક્ષા નિયમો અને જાહેરાતની જોગવાઈ તથા લાગુ પડતા અન્ય હુકમો મુજબ ચકાસણી કરવામાં આવશે અને આ જોગવાઈ સંતોષતા ઉમેદવારોને મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.

**(૪)** મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ અંગે આયોગનો નિર્ણય આખરી ગણાશે અને આયોગના નિર્ણય સામે કોઈપણ પત્ર વ્યવહાર ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

## <u>૧૪. જગ્યા/સેવાની પસંદગીનો ક્રમ:</u>

**(૧)** **<u>જો જાહેરાત અન્વયે એકથી વધુ સંવર્ગો માટેની જગ્યાઓ દર્શાવેલ હશે તો,</u>** મુખ્ય લેખિત પરીક્ષાના ફોર્મમાં ઉમેદવારે ફક્ત જાહેરાતમાં દર્શાવેલ જગ્યા/સેવા માટે પોતાની પસંદગી અનુસાર પસંદગી ક્રમ દર્શાવવાનો રહેશે.

(૨) ઉમેદવાર જે જગ્યા/સેવા માટે **પોતાની પસંદગીનો ક્રમ એકવાર દર્શાવી દે, તે ક્રમ કાયમી ગણવામાં આવશે** તથા તેમાં કોઈપણ પ્રકારનાં ફેરફાર, સુધારા-વધારા અથવા ક્રમાંક બદલવાની વિનંતી કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહિ.

(૩) ઉમેદવારોએ જણાવેલી જગાઓ માટેના પસંદગી ક્રમથી તે જગાઓ ઉપર નિમણૂક નો કોઈ હક્ક મળતો નથી.

(૪) ગુણવત્તાક્રમ અને પ્રાપ્ય જગ્યાઓની સંખ્યાને ધ્યાનમાં લઈને, ઉમેદવારે આપેલ પસંદગી ક્રમ વિચારણામાં લેવામાં આવશે.

(૫) જે ઉમેદવારે એક પણ જગ્યા/સેવા માટે પસંદગીક્રમ દર્શાવ્યો ન હોય અથવા તો ફક્ત અમુક જ જગ્યા/સેવા માટે પસંદગી ક્રમ દર્શાવેલ હોય અને તેઓ પસંદગીના ક્રમ મુજબની જગ્યા મળવાપાત્ર થતી ન હોય તો જે ઉમેદવારોએ તમામ જગ્યા /સેવા માટે પસંદગી ક્રમ દર્શાવેલ હોય તેવા ઉમેદવારોને જગ્યાની ફાળવણી કર્યા બાદ વધેલી જગ્યા ઉપર આવા ઉમેદવારોને જગ્યાની ફાળવણી કરવામાં આવશે.

(૬) ઉમેદવારની નિમણૂક જે તે જગ્યાના અમલમાં હોય તેવા ભરતી નિયમોને આધિન રહેશે.

(૭) ઉમેદવારને જે જગ્યા માટે નિમણૂક આપવામાં આવશે તે જગ્યા પર નિયત સમયમાં હાજર ન થાય તો તેઓની નિમણૂક રદ કરવામાં આવશે.

## ૧૫. પરિણામ :

(૧) આખરી પરિણામ આયોગના નોટીસ બોર્ડ અને વેબસાઈટ પર મૂકવામાં આવશે અને આ પરિણામ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા માટે મોકલવામાં આવશે.

(૨) આ પરિણામમાં ઉમેદવારના નામ, બેઠક ક્રમાંક તેમજ મેળવેલ કુલ ગુણની વિગતો આપવામાં આવશે.

(૩) આ પરિણામમાં અસફળ થયેલ ઉમેદવારોના બેઠક ક્રમાંક અને તેઓએ મેળવેલ ગુણ આયોગના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવશે.

## ૧૬. ગુણપત્રક :

(૧) મુખ્ય પરીક્ષાનું ગુણપત્રક મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ મુખ્ય પરીક્ષાને અંતે આખરી પરિણામ જાહેર થયા બાદ સચિવશ્રી , ગુજરાતજાહેર સેવા આયોગ, ગાંધીનગર –૩૮૨૦૧૦ ના નામનો રૂ.૫૦-૦૦ નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઑર્ડર અથવા આયોગની કચેરીના કાઉન્ટર પર કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૨-૦૦ અને બપોરના ૩-૦૦ થી ૫-૦૦ સુધીમાં રોકડેથી ફી સાથે આયોગને અરજી કરવાની રહેશે.

(૨) આ અરજીમાં ઉમેદવારે પરીક્ષાનું નામ, જાહેરાત ક્રમાંક,પોતાનું સરનામું, બેઠક નંબર અને પરીક્ષાની વિગતો દર્શાવવાની રહેશે.

(૩) મુખ્ય પરીક્ષાને અંતે આખરી પરિણામ જાહેર થયાની તારીખથી ૧૫ દિવસની અંદર ગુણપત્રક માટેની અરજી મોકલવાની રહેશે. આ મુદત બાદ મળેલ અરજી અમાન્ય ગણાશે.

(૪) ઉમેદવારોને તેમનું ગુણપત્રક ટપાલમાં મોકલી આપવામાં આવશે.

(૫) Screening Test (પ્રાથમિક કસોટી)ના ગુણપત્રક માટેની અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.

## ૧૭. ગુણની પુન:ચકાસણી :

(૧) જે ઉમેદવાર મુખ્ય પરીક્ષાના પોતાના ગુણની ચકાસણી કરાવવા ઈચ્છતા હોય તે ઉમેદવાર આયોગને મુખ્ય પરીક્ષાના અંતે આખરી પરિણામ જાહેર કર્યા તારીખથી ત્રીસ દિવસની અંદર દરેક પેપરદીઠ રૂ. ૫૦-૦૦ ની ફી સાથે અરજી કરી શકશે.

(૨) ઉમેદવારે પરીક્ષાનું નામ, બેઠક નંબર અને નામ/સરનામું દર્શાવવાનું રહેશે.

(૩) ફી અરજી સાથે રોકડેથી કે ભા.પો.ઓ. દ્વારા કચેરીના કાઉન્ટર પર સ્વીકારવામાં આવશે.

(૪) ઉમેદવાર ટપાલથી આ અરજી મોકલી શકશે. આવી અરજી સાથે માત્ર સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ,ગાંધીનગરના નામનો ક્રોસ્ડ ભા.પો.ઓ.મોકલવાનો રહેશે.

(૫) ઉત્તરવહીઓનું પુન:મૂલ્યાંકન (Revaluation) ફેર તપાસણી કોઈપણ સંજોગોમાં કરવામાં આવશે નહિ.

(૬) ગુણની પુન:ચકાસણી સિવાય ઉમેદવારે મેળવેલ ગુણ બાબતના કોઈપણ વિવાદને આયોગ લક્ષમાં લેશે નહિ.

(૭) Screening Test (પ્રાથમિક કસોટી)ના ગુણની પુન:ચકાસણી માટેની અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.

## ૧૮. નિમણૂક:-

(૧) ઉમેદવારોને નિમણૂક માટે merit number અને preference ને ધ્યાનમાં રાખી વિચારવામાઅં આવશે. પરંતુ પરીક્ષામાં સફળ થવાથી નિમણૂક માટેનો હક્ક મળી જતો નથી.

(૨) રાજ્ય સેવામાં નિમણૂક માટે ઉમેદવાર બધી રીતે યોગ્ય છે એમ જરૂરી લાગે તેવી તપાસ પછી સરકારને સંતોષ ન થાય તો તેવા ઉમેદવારની નિમણૂક કરવામાં આવશે નહિ.

(૩) નિમણૂક પામેલ ઉમેદવારે સરકારના નિયમો મુજબની તાલીમ લેવી પડશે અને તાલીમ પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૪) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે.

(૫) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોઇ, આ અંગેનો કોઇ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

## ૧૯. ચેતવણીઓ :

આયોગે જે કોઈ ઉમેદવારને

(૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે આયોગના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે

(૨) બીજાનું નામ ધારણ કરવા માટે,

(૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે

(૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે

(૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે

(૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે

(૭) પરીક્ષા દરમ્યાન ગેર વ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્ત લિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે

(૮) લખાણોમાં અશ્લીલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે

(૯) પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેર-વર્તણૂક કરવા માટે

(૧૦) પરીક્ષાના સંચાલન માટે આયોગે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે

(૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગારી કરવા માટે

(૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલ કોઈપણ સૂચનાનો ભંગ કરવા માટે, દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો, તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત–

(ક) આયોગ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી તેને ગેર લાયક ઠરાવી શકશે, અથવા

(ખ) (૧) આયોગ સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાતમાંથી અથવા

(૨) રાજ્ય સરકાર પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદ્દત માટે બાકાત

કરી શકશે.

પરંતુ તે અર્થે પોતે રજુઆત કરવા ઈચ્છે, તો ઉમેદવારને, લેખિતમાં એવી રજુઆત કરવાની તક આપવામાં આવે તે સિવાય ખંડ (ક) અથવા ખંડ (ખ) હેઠળની કોઈપણ શિક્ષા કરી શકાશે નહિ. (ગ) તદઉપરાંત જો તે અગાઉ સરકારી નોકરીમાં હોય તો, સંબંધિત નિયમો હેઠળ શિસ્તભંગના પગલાં લઈ શકાશે.

## <u>૨૦. અગત્યની સૂચનાઓ :</u>

**(૧)** ઉમેદવારને પોતાની સાથે સેલ્યુલર ફોન, ટેબ્લેટ, પેજર અથવા બીજી કોઈ મોબાઈલ સંદેશા વ્યવહારના ઈલેક્ટ્રોનિક્સ – બ્લ્યુ ટૂથ સાધનો પરીક્ષા ખંડમાં સાથે લઈ જવાની છૂટ નથી, જેના ભંગ બદલ ઉમેદવારો માટે નિર્દિષ્ટ કરાયેલ શિક્ષાને પાત્ર બનશે.

**(૨)** ઉમેદવાર Screening Test (પ્રાથમિક કસોટી)માં તથા લેખિત મુખ્ય પરીક્ષામાં કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકશે નહિ.

**(૩)** ૪૦% કે તેથી વધુ અંધત્વની ખામી ધરાવતાં ઉમેદવારો જો ઈચ્છે તો લહિયાની સુવિધા મેળવી શકવાને પાત્ર છે.

**(૪)** આવા ઉમેદવારે જે લહિયો રાખવાનો હોય તેની સંપૂર્ણ વિગત-(૧) નામ (૨) સરનામું (૩) શૈક્ષણિક લાયકાતની ઝેરોક્ષ નકલ આયોગને પરીક્ષા અગાઉ મોકલી આપવાની રહેશે અને તેની આયોગના ધારા-ધોરણ પ્રમાણે મંજૂરી મળ્યાની તેઓને જાણ કરવામાં આવશે.

**(૫)** લહિયાની સુવિધા મેળવનાર ઉમેદવારોને પરીક્ષામાં દર કલાક દીઠ ૨૦ મિનિટનો વળતર સમય (Compensatory Time) મળવાપાત્ર રહેશે.

**(૬)** ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો, ભરતી પરીક્ષા નિયમોઅને જાહેરાતની જોગવાઈ તથા લાગુ પડતા અન્ય હુકમો મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે.

**(૭)** અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેને બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

**(૮)** જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

**(૯)** જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

**(૧૦) મુખ્ય લેખિત પરીક્ષા માટેના અરજીપત્રક સાથે નીચે દર્શાવેલ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ અવશ્ય રજૂ કરવાની રહેશે.:**

**(૧)** એસ.એસ.સી.ઈ. અથવા તેની સમકક્ષ પરીક્ષાનું પ્રમાણપત્ર કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય. (**શાળા છોડવાનું પ્રમાણપત્ર માન્ય નથી**

**(૨)** પદવી પ્રમાણપત્ર, એકથી વધુ પદવી હોય તો દરેક પદવીનું પ્રમાણપત્ર.

**(૩)** પદવીનું ગુણ પત્રક કે પત્રકો [માર્કશીટ્સ]

**(૪)** અનામત જાતિ માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ જાતિ પ્રમાણપત્ર અને શાળા છોડ્યા નું પ્રમાણપત્ર

**(૫)** સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારો માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૬-૨-૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક મુજબનું 'ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોય' તેવું તા.૧-૦૪-૨૦૧૭પછીની તારીખનું પ્રમાણપત્ર અથવા તારીખ: ૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નિયત કરાયેલ ગુજરાતી નમૂના <u>'પરિશિષ્ટ –૪'</u> મુજબનું પ્રમાણપત્ર.

**(૬)** આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : એ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ – ગ)માં મેળવેલ પાત્રતા પ્રમાણપત્ર (અર્થાત તેઓ EWS Category હેઠળ આવે છે તે મતલબનું પ્રમાણપત્ર)

**(૭)** શારીરિક રીતે અશકત ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા. ૧-૧૨-૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક : પરચ-

૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.૨ થી નિયત થયેલ સુપરિન્ટેન્ડન્ટ/ સિવિલ સર્જને આપેલ તબીબી પ્રમાણપત્ર.

(૮) રમત ગમતમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારો માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫-૦૨-૮૦ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૭૭-૨૬૬૦-ગ-૨ થી નિયત કરવામાં આવેલ નમુનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર.

(૯) સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવાર માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૮-૧૧-૮૯ના પરિપત્ર ક્રમાંક: એફઓએ - ૧૦૮૮-૩૯૪૦-ગ-૨ થી નિયત કરવામાં આવેલ નમુનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર."

(૧૦) નામમાં ફેરફાર કરાવેલ હોય તો ગેઝેટની / લગ્ન નોંધણી પ્રમાણપત્ર ની નકલ.

(૧૧) વિધવા ઉમેદવારના કિસ્સામાં પુન:લગ્ન કરેલ નથી તે અંગેની એફીડેવીટ.

**જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, શારીરિક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતાં વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.**

**નોંધ :- ઉપરોક્ત નાયબ સેક્શન અધિકારી, વર્ગ-૩ ની જગ્યાના ભરતી નિયમો તથા મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ, ફી, વય મર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ-'અ' અને પરિશિષ્ટ-ક / પરિશિષ્ટ-૪, Annexure KH / પરિશિષ્ટ – ગ નો નમૂનો, શારીરિક રીતે અશક્ત (Disabled) ઉમેદવારોએ રજૂ કરવાના તબીબી પ્રમાણપત્રનો નમૂનો, સરકારી કર્મચારીઓએ રજૂ કરવાના ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો, રમત ગમતમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેનું નિયત નમૂનાનું પ્રમાણપત્ર અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in ઉપર જોવા મળશે. આ જાહેરાત સંબંધમાં વધુ માહિતીની જરૂર જણાય તો આયોગની કચેરીમાં કચેરી સમય દરમિયાન ૦૭૯-૨૩૨૫૮૯૮૦ પરથી મળી શકશે.**

**આ જાહેરાતના સબંધમાં Screening Test (પ્રાથમિક કસોટી) તા.૦૮/૧૨/૨૦૧૯ ના રોજ લેવામાં આવશે. વધુ માહિતી મેળવવા આયોગની કચેરીમાં, કચેરી સમય દરમ્યાન જરૂર જણાય તો 079-23258980પર સંપર્ક કરવો.**

**ઉમેદવારોએ જાહેરાતની ઉપરોક્ત જોગવાઇઓ તથા આ સાથે સામેલ સામાન્ય જોગવાઇઓનો સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ અરજી કરવા જણાવવામાં આવે છે.**

**(એચ. કે. ઠાકર)**
**સંયુક્ત સચિવ**
**ગુજરાત જાહેર સેવા આયોગ**

# ગુજરાત જાહેર સેવા આયોગ

**જાહેરાતની સામાન્ય જોગવાઈઓ**

**જાહેરાતક્રમાંક – [ ૨૦/૨૦૧૯–૨૦] : નાયબ સેક્શન અધિકારી, વર્ગ–૩]**

## ૧ નાગરિકત્વ:-

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી,૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ,અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ પરંતુ પેટાક્રમાંક (ખ),(ગ), (ઘ), અને (ચ) માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે. અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

## ૨ જન્મ તારીખ:-

(૧) આયોગ જન્મ તારીખના પુરાવા માટે એસ. એસ. સી. ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ............... છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા **(credibility)** ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

## 3 વય મર્યાદા :-

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના  આર્થિક રીતે નબળા વર્ગના, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિના પુરુષ ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૩ | મુળ ગુજરાતના  આર્થિક રીતે નબળા વર્ગના, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | For appointment to any vacancy in class-3 and class-4 posts in Gujarat Government, an Ex-Serviceman shall be allowed to deduct the period of actual military service from his actual age and if the resultant age does not exceed the maximum age limit prescribed for the post for which he is seeking appointment by more than three years, he shall be deemed to satisfy the condition regarding age limit" (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૫ | શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાએ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | ગુજરાત સરકારના કર્મચારીઓને વય મર્યાદામાં કોઇપણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

## ૪ **શૈક્ષણિક લાયકાત:-**

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. માત્ર કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવાર નો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે તેવી જોગવાઇ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

## ૫ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :-

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ ના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' મુજબનું અથવા તારીખ: ૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬)(બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર'ની મહત્તમ અવધિ **(Validity)** ઈસ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇસ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૬)(ક) પરિણિત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તેમની અરજી રદ્દ કરવામાં આવશે.

(૬)(ડ) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૬)(ઇ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના ( અંગ્રેજીમાં **Annexure KH** અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્રના નંબર અને તારીખ ઓન લાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇસ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૮) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા ,અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઈસ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.

## ૬ માજી સૈનિક :

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે.

(૩)સામાન્ય વહીવટ વિભાગના તારીખ: ૦૯/૦૭/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: આરઇએસ૧૦૮૫૩૪૩૩ગ-૨ જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

## ૭ શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો

(ક) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રકમાં સ્પષ્ટ વિગતો આપવાની રહેશે.

(ખ) શારીરિક અશક્તતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ શારીરિક અશક્તતાનો લાભ મળવાપાત્ર રહેશે.શારીરિક અશક્તતાનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે હલનચલન અશક્તતા અથવા મગજનો લકવો તે પૈકીની કઇ શારીરિક અશક્તતા છે તે દર્શાવવું.

(ગ) જાહેરાતમાં શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય,પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨,થી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં શારીરિક અશક્તતા ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં.

## ૮ મહિલા ઉમેદવાર :

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના **(category)** પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

## ૯ વિધવા ઉમેદવાર :

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે “હા” અવશ્ય લખવું અન્યથા “લાગુ પડતું નથી” એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અચૂક લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૩) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો અરજી સાથે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.

(૪) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે "વિધવા" ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે "વિધવા" બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજુ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને "વિધવા મહિલા ઉમેદવાર" તરીકેના લાભ આપવામાં આવશે. જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, શારીરિક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

## ૧૦ ના વાંધા પ્રમાણપત્ર:-

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઇપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

## ૧૧ ગેરલાયક ઉમેદવાર :-

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

## ૧૨ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

## ૧૩ નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી )

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ-મેઇલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અપલોડ કરેલ ન હોય.

(૫) અનામત કક્ષાના તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) ઉમેદવારે અરજીપત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નક્કી કરવાની થતી હોય) પરંતુ તેના સમર્થનમાં પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય અથવા તો રજુ કરેલ પ્રમાણપત્રમાં તેઓ અનુભવનો સમયગાળો, મુળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય,અનુભવનું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ ઉપર ન હોય તથા સક્ષમ સત્તાધિકારીની સહી વિનાનું હોય.

(૧૦) તબીબી શિક્ષણ વિષયક જ્ગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી મેડીકલ કાઉંસિલ માન્ય છે, તેવુ યુનિવર્સીટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

## ૧૪ નિમણૂક :-

1. ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહીં.
2. નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.
3. ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ /ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

## ૧૫ ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી.જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો ,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પુર્ણ કરાવ્યુ હોય ,

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડા કરેલ હોય,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુકત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય ,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય ,

(૮) ઉત્તરવહી માં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,

(૯) પરીક્ષા ખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરિતીઓ પૈકી કોઇપણ ગેરરીતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી અથવા

(૧૧ ) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ, ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

(એચ. કે. ઠાકર)
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

નોંધ : નાયબ સેક્શન અધિકારી, વર્ગ-૩ ની જગ્યાના ભરતી નિયમો, અરજીપત્રક સાથે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની યાદી, વય મર્યાદામાં છુટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ'ક' નો નમૂનો, સરકારી કર્મચારીએ રજૂ કરવાના ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટીસ બોર્ડ અને આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.in ઉપર જોવા મળશે.

# GUJARAT PUBLIC SERVICE COMMISSION

**Advt. No. 20/2019-20**

Online Applications are invited from **16/08/2019**(13:00 hours) to **31/08/2019**(13:00 hours) for the following **154** posts of Secretariate Department. The reservation for S. E. B.C., E.W.S., S.C., S. T. & Women candidates is as under. In case of non - availability of Women candidates, in the respective category, the post so reserved will be allotted to male candidates belonging to the same category.

**Note :** Tentative date of Screening (Primary) Test : 08/12/2019
Tentative month of Screening (Primary) Test Result : February-2020
Tentative date of mains written examination : 24/05/2020 & 31/05/2020
Tentative month of mains written examination Result : August-2020

| Name of Post | Total Posts | Category wise Posts | | | | | Out of Category wise posts reserved for women | | | | | Post reserved out of the total Posts | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Gen. | E.W.S. | S.E.B.C | S.C. | S.T. | Gen. | E.W.S | S.E.B.C | S.C. | S.T. | Phy. Dis | Ex-Ser |
| Deputy Section Officer (Secretariate) , class-3 | 154 | 69 | 15 | 38 | 09 | 23 | 22 | 05 | 12 | 02 | 07 | 05 | 15 |

**For Disabled candidates :-**

Disabled candidates having following disability can apply for the post.

| Name of Post | B / LV | HH | Mobility Impairments |
|---|---|---|---|
| **Deputy Section Officer (Secretariate)** | 40 % to 100% | 40 % to 100% | OA,OL,BL,OLA,BLOA |

Out of the above mentioned 05 posts reserved for physically disabled candidates, 02 post are reserved for **B / LV** Candidates, 02 post are reserved for **HH** Candidates and 01 post is reserved for Mobility Impairments Candidates**.** Candidate having disability described as per above Annexure can apply. The candidates possessing other than the prescribed physical disability are not eligible to apply.

Note : The candidates belonging to reserved category can apply against vacancies for Unreserved category and the criteria will be applicable as per Unreserved Category.

E.Q. :(i) A candidate shall hold a Bachelor's degree obtained from any of the Universities established or incorporated by or under Central or State Act in India; or any other educational institution recognized as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956 or possess an equivalent qualification recognized by the Government; and

(ii) Basic knowledge of Computer Application as prescribed in Gujarat Civil Services Classification and Recruitment (General) Rules 1967;

(iii) Possess adequate knowledge of Gujarati and / or Hindi.

(iv) A candidate who has appeared or intends to appear or awaiting the result of the final semester/year of the required qualification can apply, but the candidate has to qualify and submit the required

qualification as advertised before the last date of submitting the application for mains examination. Also, the candidate must have completed 20 years of age on the last date of online application.

Pay Scale : Rs.38,090/- (Fix Pay) for 5 years. Rs.39,900-1,26,600 /- Paymatrix -Rs.39,900-1,26,600 after completion of the satisfactory service of 5 years.
Age : A candidate must have attained the age of 20 years and must not have attained the age of 35 years as on 31/08/2019. Age will be calculated as on the last date of receipt of application.
Upper age limit shall be relaxed as under :

| | | |
|---|---|---|
| 1. | General Category Women Candidates | 05 years (subject to maximum 45 years ) |
| 2. | Male Candidates of E.W.S., S.E.B.C , S.C. & S.T. Category | 05 years (subject to maximum 45 years ) |
| 3. | Women Candidates of E.W.S., S.E.B.C , S.C. & S.T. Category | 10 years (including 5 years relaxation of reservation for female candidates)(subject to maximum 45 years) |
| 4. | Ex Serviceman, including E.C.O. / S.S.C.O. | For appointment to any vacancy in class-3 and class-4 posts in Gujarat Government, an Ex-Serviceman shall be allowed to deduct the period of actual military service from his actual age and if the resultant age does not exceed the maximum age limit prescribed for the post for which he is seeking appointment by more than three years, he shall be deemed to satisfy the condition regarding age limit” (subject to maximum 45 years ) |
| 5. | Disabled Candidates | maximum up to 10 (ten) years subject to his / her ability to discharge duties attached to the posts, as may be performed by any other normal persons, on the bais of production of medical certificate prescribed by GAD circular dated 01-12-2008 from the Medical Board. |
| 6. | Government Servant | No relaxation in upper age will be available to Government Servant |

The details of advertisement can be seen on websitehttp://gpsc-ojas.gujarat.gov.in

(H.K.THAKAR)
Joint Secretary
Gujarat Publi c Service Commission